સંગ્રામ ગુજરાતનો

રાજ્યમાં રવિવારે પ્રચારનો ઝંઝાવાત

પ્રથમ તબક્કાની ચૂંટણી જ્યાં યોજાવાની છે તેવા સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારને પ્રધાનમંત્રી સહિત ત્રણ-ત્રણ મુખ્યમંત્રીઓ ઘમરોળશે : જાહેરસભા, રોડ શો સહિતના કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાતની તમામ વિધાનસભા બેઠકોનુ ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ છે. પ્રથમ તબક્કામાં ૧લી ડિસેમ્બરે મતદાન યોજાશે. પ્રથમ તબક્કામાં જ્યાં જ્યાં મતદાન થવાનુ છે તે વિસ્તારોમાં ઝંઝાવતી પ્રચારનો આરંભ થઈ ચૂક્યો છે. રવિવારની રજાનો લાભ લેવા ત્રણેય મોટી રાજકીય પાર્ટીઓએ જોરદાર પ્રચારકાર્યનું આયોજન કરી રાખ્યુ છે. પ્રધાનમંત્રી મોદી અને ત્રણ રાજ્યોના મુખ્યમંત્રીઓ સૌરાષ્ટ્ર-કચ્છમાં ઝંઝાવાતી પ્રચાર કરશે.

આ વખતની વિધાનસભા ચૂંટણી ખૂબ રસપ્રદ બની રહી છે. ભાજપ-કોંગ્રેસની સાથે આ વખતે આમ આદમી પાર્ટીએ ગુજરાતના રાજકારણમાં ઝંપલાવ્યુ હોવાથી આ વખતની ચૂંટણી રસાકસીભરી બની રહી છે. પ્રથમ તબક્કાનું મતદાન ૧લી ડિસેમ્બરે યોજાવાનુ હોવાથી આ વિસ્તારમાં ચૂંટણી પ્રચારે જોર પકડ્યુ છે. રાજકીય માહોલ ગરમાયો છે. ચોરે ને ચૌટે રાજકીય ચર્ચાઓ થઈ રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ખૂણે ખૂણે પ્રચાર કાર્યનો પ્રારંભ કર્યો છે. તેમની જનસભાઓમાં મેદની જોવા મળી રહી છે. રવિવારે તેઓ વેરાવળ, ધોરાજી, અમરેલી અને બોટાદમાં જનસભાઓ રંબોધશે. સૌ પ્રથમ તેઓ સોમનાથ જઈ દર્શન કરી પ્રચાર કાર્યનો પ્રારંભ કરશે.

જ્યારે આમ આદમી પાર્ટીના સુપ્રિમો અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં રોડ શૉ કરશે. આ સાથે જ તેઓ કાર્યકરોને માર્ગદર્શન આપશે.

ભાજપ અને આપના આક્રમક પ્રચારની સાથે કોંગ્રેસનો પ્રચાર ભલે ફીકો લાગી રહ્યો હોય પરંતુ રાજસ્થાનના સીએમ અશોક ગેહલોતને આગળ કરી રાજસ્થાન મોડેલથી ગુજરાતના અંતરીયાળ વિસ્તારોમાં પ્રચાર કરવામાં આવી રહ્યો છે. રાજકોટ અને ભાવનગરમાં તેઓ કાર્યકરોને સંબોધી ચૂંટણીનું માર્ગદર્શન આપશે.

આ ઉપરાંત સ્ટાર પ્રચારકોની ફોજ પણ વિવિધ વિસ્તારોમાં પ્રચાર કરી રહી છે. આસામના મુખ્યમંત્રી સુરના વિશ્વાસ પણ હાલમાં ગુજરાતના પ્રવાસે છે તેઓ કચ્છમાં પ્રચારકાર્ય કરશે.

વડોદરા ભાજપના મહિલા મોરચાના પ્રમુખ સહિત હોદ્દેદારોના રાજીનામાં

રૂપાલાની સભા પહેલાં ભાજપમાં ભંગાણ

પાદરા, તા.૧૯

વિધાનસભા ચૂંટણી પહેલા પાદરામાં ભાજપને વધુ એક ઝટકો લાગ્યો છે. પાદરા વિધાનસભાના અપક્ષના ઉમેદવારના સમર્થનમાં ભાજપ સંગઠનના હોદેદારોએ ભાજપના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામાં આપી દીધા છે. વડોદરા ભાજપના મહિલા મોરચાના પ્રમુખ મનીષાબેન ભાવસારે પણ રાજીનામું આપી દીધું છે. પાદરા તાલુકા ભાજપના મહિલા મોરચાના પ્રમુખ ભાવનાબેન પુરાની તથા મહામંત્રી તુપ્તિબેન પટેલ સહિતના હોદેદારો, પાદરા તાલુકા ભાજપના સંગઠન મહામંત્રી મેહુલ અમીન તથા મંત્રી સંદીપ પટેલ તથા મંત્રી કિરણ મહંત મંત્રી રાકેશ પટેલ અને કોશાધ્યક્ષ મનોજ પટેલ તાલુકા ભાજપના હોદેદારો, પાદરા શહેર બક્ષીપંચ મોરચા પ્રમુખ, મહામંત્રી અને ઉપપ્રમુખ સહિત હોદેદારો તથા પાદરા નગર યુવા મોરચાના ઉપપ્રમુખ, મંત્રી અને કોશાધ્યક્ષે પણ રાજીનામાં આપી દેતા ખળભળાટ મચી ગયો છે. આ ઉપરાંત પાદરા તાલુકા ભાજપ અનુસૂચિત મોરચાના પ્રમુખ ઉપપ્રમુખ સહિતના મોટાભાગના હોદેદારોએ પણ રાજીનામાં આપી દીધા છે.

મોદી નહીં હોય તો દરેક શહેરમાં આફતાબ પેદા થશે : હિમંત બિસ્વા

દિલ્હીની શ્રદ્ધા હત્યાના પડઘા રાજ્યની ચૂંટણીમાં પડ્યા: શર્માએ હત્યાનું વિવરણ આપતા લવ જિહાદ ગણાવી

અમદાવાદ, તા.૧૯

દિલ્હીની શ્રદ્ધા વોકરની હૃદયદ્રાવક હત્યાના પડઘા ગુજરાત ચૂંટણીમાં પણ પડવા લાગ્યા છે. આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્માએ કચ્છમાં એક રેલીને સંબોધિત કરતા કહ્યું કે, જો દેશમાં કોઈ મજબૂત નેતા ન હોત તો આફતાબ દરેક શહેરમાં પેદા થશે અને આપણે આપણા સમાજની રક્ષા નહીં કરી શકીશું. શર્માએ વાત પર ભાર મૂકી રહ્યા હતા કે, નરેન્દ્ર મોદીને કેન્દ્રમાં ત્રીજો કાર્યકાળ આપવાની જરૂર છે. હિમંત શર્માએ આ હત્યાનું વિવરણ આપતા તેને લવ જિહાદ ગણાવ્યું હતું. શર્માએ કહ્યું કે, આફતાબ શ્રદ્ધા બહેનને મુંબઈથી લાવ્યો અને લવ જિહાદના નામ પર તેના ૩૫ ટૂકડા કરી નાખ્યા. અને મૃતદેહને ક્યાં રાખ્યો? ફ્રિઝમાં. જ્યારે શ્રદ્ધાનો મૃતદેહ ફ્રિઝમાં હતો ત્યારે તે વધુ એક મહિલાને ઘરે લાવ્યો હતો અને તેને ડેટ કરવાનું શરૂ કરી દીધું. શર્માએ આગળ કહ્યું કે, જો દેશમાં એક શક્તિશાળી નેતા નહી હોય જે રાષ્ટ્રને પોતાની માતા માને છે તો આવા આફતાબ દરેક શહેરમાં પેદા થશે. આપણે આપણા સમાજની રક્ષા નહીં કરી શકીશું.

તેમણે આગળ કહ્યું કે, એટલા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે કે, નરેન્દ્ર મોદીને ૨૦૨૪માં ત્રીજી વખત ફરીથી પીએમ બનાવવામાં આવે. શ્રદ્ધા અને આફતાબ બંને કોલ સેન્ટરમાં નોકરી કરતા હતા. બંને મુંબઈથી દિલ્હી આવી ગયા હતા અને આફતાબે તેની હત્યા કરી નાખી. તેણે તેનું ગળુ દબાવીને હત્યા કરી નાખી અને ત્યારબાદ તેના શરીરના ૩૫ ટુકડા કરી નાખ્યા અને તેને એક ફ્રિઝમાં રાખી દીધા હતા. અને તેને અલગ-અલગ ઠેકાણે ફેંક્યા હતા.

બે તબક્કામાં ૫૧,૮૩૯ પોલીંગ સ્ટેશનમાં મતદાન : પી. ભારતી

અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ પોલીંગ સ્ટેશન ૫૬૧૦, જ્યારે સૌથી ઓછા ડાંગમાં ૩૩૫ ગુજરાતમાં ૪,૯૧,૩૫,૪૦૦ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે

ગાંધીનગર,તા.૧૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ૨૦૨૨ને લઈને રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. રાજ્યમાં આગામી તા. ૧ અને તા. ૫ ડિસેમ્બરના રોજ યોજાનારા મતદાન અંગેની માહિતી આપતા ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી.ભારતીએ જણાવ્યું હતું કે, રાજ્યની ૧૮૨ બેઠકો પર યોજાનાર મતદાન માટે મતદાન મથકો, મતદાર યાદી, ઈવીએમ-વીવીપેટ સહિતની અન્ય આનુસાંગિક સુવિધાઓને સુનિશ્ચિત કરવામાં આવી છે. મતદાર યાદી સુધારણા અભિયાન બાદ રાજ્યમાં બંને તબક્કામાં કુલ ૪,૯૧,૩૫,૪૦૦ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. જેમાં ૧૮થી ૨૯ વર્ષની વયજૂથના ૧,૧૫,૧૦,૦૧૫ યુવા મતદારોનો સમાવેશ થાય છે.

બંને તબક્કામાં મતદારો ઘરથી નજીકના સ્થળે સરળતાથી મતદાન કરી શકે તે માટે રાજ્યમાં ૨૯,૩૫૭ પોલીંગ સ્ટેશન લોકેશન(PSL) પર ૫૧,૮૩૯ પોલીંગ સ્ટેશન(PS) ઊભા કરવામાં આવ્યા છે. જેમાં ગુજરાતમાં સૌથી વધુ પોલીંગ સ્ટેશન ધરાવતાં પાંચ જિલ્લાઓમાં અમદાવાદમાં ૫૬૧૦, સુરતમાં ૪૬૩૭, બનાસકાંઠામાં ૨૬૧૩, વડોદરામાં ૨૫૯૦ અને રાજકોટમાં ૨૨૬૪ પોલીંગ સ્ટેશન આવેલા છે. સૌથી ઓછા પોલીંગ સ્ટેશન ધરાવતાં પાંચ જિલ્લાઓમાં ડાંગમાં ૩૩૫, પોરબંદરમાં ૪૯૪,તાપીમાં ૬૦૫, બોટાદમાં ૬૧૪ અને નર્મદામાં ૬૨૪નો સમાવેશ થાય છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કુલ ૪,૯૧,૩૫,૪૦૦ મતદારો પૈકી ૨,૩૭,૭૪,૧૪૬ મહિલા મતદારો, ૨,૫૩,૫૯,૮૬૩ પુરૂષ મતદારો તથા ૧૩૯૧ થર્ડ જેન્ડર મતદારોનો સમાવેશ થાય છે. સૌથી વધુ મહિલા મતદાર ધરાવતાં પાંચ જિલ્લામાં અનુક્રમે અમદાવાદમાં ૨૮,૮૧,૨૨૪, સુરતમાં ૨૧,૯૪,૯૧૫, વડોદરામાં ૧૨,૭૨,૯૯૬, બનાસકાંઠામાં ૧૧,૯૭,૮૧૪ અને રાજકોટમાં ૧૧,૧૦,૩૦૬નો સમાવેશ થાય છે. જ્યારે સૌથી વધુ પુરૂષ મતદાર ધરાવતાં પાંચ જિલ્લામાં અનુક્રમે અમદાવાદમાં ૩૧,૨૩,૩૦૬, સુરતમાં ૨૫,૫૦,૯૦૫, વડોદરામાં ૧૩,૩૩,૨૫૧, બનાસકાંઠામાં ૧૨,૯૩,૧૦૦ અને રાજકોટમાં ૧૧,૯૬,૮૯૭નો સમાવેશ થાય છે. દાહોદ જિલ્લામાં પુરૂષ મતદારોની સંખ્યા ૭,૮૫,૭૪૬ જ્યારે મહિલા મતદારોની સંખ્યા ૭,૯૯,૨૪૧ છે. નવસારીમાં પુરૂષ મતદારોની સંખ્યા ૫,૩૯,૦૧૮ જ્યારે મહિલા મતદારોની સંખ્યા ૫,૩૯,૫૦૦ છે. તેવી જ રીતે, તાપી જિલ્લામાં પુરૂષ મતદારોની સંખ્યા ૨,૪૬,૪૩૫ છે, જ્યારે મહિલા મતદારોની સંખ્યા ૨,૫૯,૨૫૬ છે. આમ, રાજ્યમાં માત્ર ત્રણ જિલ્લાઓ દાહોદ, નવસારી અને તાપી એવા છે જ્યાં પુરૂષ મતદારો કરતાં મહિલા મતદારો વધારે છે. ગુજરાતમાં કુલ ૧૩૯૧ પૈકી સૌથી વધુ ૨૨૬ થર્ડ જેન્ડર વડોદરા જિલ્લામાં નોંધાયા છે.

રાજ્યમાં યોજાનાર ચૂંટણીમાં યુવાઓ મોટા પ્રમાણમાં મતદાનમાં ભાગ લેશે. આ વર્ષે ગુજરાતમાં ૧૮થી ૨૯ વય જૂથનાં કુલ ૧,૧૫,૧૦,૦૧૫ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. જેમાં સૌથી વધુ યુવા મતદાતા ધરાવતાં પાંચ જિલ્લાઓમાં અમદાવાદમાં ૧૧,૯૭,૫૩૯, સુરતમાં ૧૦,૨૩,૮૬૭, બનાસકાંઠામાં ૭,૦૭,૭૫૪, વડોદરામાં ૫,૧૯,૮૩૨ અને દાહોદમાં ૪,૮૯,૫૩૬નો સમાવેશ થાય છે.

૮૦ વર્ષથી વધુ વય ધરાવતાં વરિષ્ઠ મતદારોની કુલ સંખ્યા ૯,૮૭,૯૯૯ છે. રાજ્યમાં ૧૦,૪૬૦ મતદારો શતાયુ એટલે કે ૧૦૦ વર્ષ કે તેનાથી વધુ વયના છે. રાજ્યમાં મતદાતાની સંખ્યાના આધારે સૌથી મોટી વિધાનસભા બેઠક સુરત જિલ્લાની ચોર્યાસી છે. જેમાં ૫,૬૬,૫૧૧ મતદારો છે, જ્યારે સુરત-ઉત્તરમાં ૧,૬૩,૧૮૭ સૌથી ઓછા મતદારો છે.

કોઈ મુદ્દો નથી તો મેધા પાટકરને ગુજરાત ચૂંટણી સાથે જોડી રહી છે ભાજપ

ભાજપની બેચેની અને પરેશાની વધી રહી છે તેનુ કારણ છે કે આ ચૂંટણી દરમિયાન કોંગ્રેસ કોઈ મોકો આપી નથી રહી : કોંગ્રેસ પ્રભારી રઘુ શર્માનો પ્રહાર

અમદાવાદ, તા.૧૯

ગુજરાત વિધાનસભા ચૂંટણી સમયે કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ હજુ સુધી ગુજરાતમાં પ્રચાર માટે આવ્યા નથી. જેમા રાહુલ ગાંધી હાલ ભારત જોડો યાત્રા પર છે. ત્યારે તેમની યાત્રામાં મેધા પાટકર પણ જોડાયા હતા. આ અંગે ભાજપ કોંગ્રેસને ઘેરી રહી છે. આ અંગે ગુજરાત કોંગ્રેસ પ્રભારી રઘુ શર્માએ જણાવ્યુ કે ભાજપ પાસે આ ચૂંટણીમાં કોઈ મુદ્દા નથી એટલે મેધા પાટકરને ગુજરાત ચૂંટણી સાથે જોડી રહી છે.

રઘુ શર્માએ જણાવ્યુ કે હાલ ભાજપની બેચેની અને પરેશાની વધી રહી છે. તેનુ કારણ છે કે આ ચૂંટણી દરમિયાન કોંગ્રેસ કોઈ મોકો આપી નથી રહી અને ભાજપ એવા જ કોઈ મોકાની રાહમાં છે. તેના સિવાય બીજુ કશું નથી. મેધા પાટકર અંગે સવાલ કરાતા રઘુ શર્માએ જણાવ્યુ કે અમે ગુજરાતની ચૂંટણી લડી રહ્યા છીએ. રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રામાં લાખો લોકો જોડાઈ રહ્યા છે. તેમા કોઈ વ્યક્તિ આવીને જોડાય તો તેનો કોઈ મતલબ નથી હોતો. વધુમાં રઘુ શર્માએ જણાવ્યુ કે મોંઘવારી, બેરોજગારી, અર્થતંત્ર જેવા મુદ્દાઓ પર વાત થવી જોઈએ. ભાજપે તેના પર જવાબ આપવો જોઈએ.

ભાજપનો આરોપ છે કે કોંગ્રેસ ગુજરાત વિરોધી તત્વો સાથે મળેલી છે. મેધા પાટકર ગુજરાત વિરોધી છે અને તેમણે સરદાર સરોવર બંધના નિર્માણ સમયે મેધા પાટકર અને મમતા બેનર્જી સહિતનાએ મળીને ગુજરાતમાં આંદોલન કર્યા હતા. હવનમાં હાડકા નાખવાનુ કામ આ લોકોએ કર્યુ હતુ.

આપ સૌરાષ્ટ્રમાં કોંગ્રેસની વોટબેંકમાં ગાબડું પાડી રહી છે

ગામડાંમાં પણ કેજરીવાલ છે લોકપ્રિય : મોટું ગાબડું પાડે તો જ ભાજપ ટાર્ગેટને કદાચ હાંસલ કરી શકે અને તેમાં સૌથી મોટી ભૂમિકા સૌરાષ્ટ્રની જ રહેશે

અમદાવાદ, તા.૧૯

૨૦૧૭માં સૌરાષ્ટ્રમાં પાટીદાર આંદોલને કોંગ્રેસને જેટલો ફાયદો કરાવ્યો, તેટલો જ ફાયદો આ વખતે આમ આદમી પાર્ટી જો ભાજપને કરાવે તો નવાઈ નહીં. રાજકોટ, જામનગર, ભાવનગર જેવા મોટા શહેરોની વાત જવા દો, સૌરાષ્ટ્રના તો અનેક ગામડાંમાં પણ લોકો અરવિંદ કેજરીવાલ વિશે વધુ વાત કરી રહ્યા છે. ૨૭ વર્ષથી ગુજરાતમાં વિકાસની વાતો ઘણી થઈ છે, ગામડાં સુધી મહદઅંશે પાણી પણ પહોંચ્યા છે અને વીજળી પણ નિયમિત મળે છે. જોકે, કેજરીવાલનું ૩૦૦ યુનિટ ફ્રી વીજળી અને સારી સ્કૂલો બનાવવાનું વચન ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકોને આકર્ષી રહ્યું છે. કારણકે તેમને એવું લાગે છે કે કેજરીવાલે જે દિલ્હી અને પંજાબમાં કરી બતાવ્યું તે ગુજરાતમાં પણ થઈ શકે છે. સૌરાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં તો એવી સ્થિતિ છે કે જાણે અહીં સીધી લડાઈ આપ અને ભાજપ વચ્ચે જ દેખાઈ રહી છે. કોંગ્રેસ ગ્રાઉન્ડ લેવલ પર પ્રચાર કરી રહી છે તેવી વાતો ભલે થતી હોય, પરંતુ લોકો જાણે કોંગ્રેસને ગંભીરતાથી લઈ જ નથી રહ્યા. વળી, મતદારોને આમ આદમી પાર્ટીમાં કેજરીવાલ જ્યારે ભાજપમાં નરેન્દ્ર મોદી જેવા ચહેરા દેખાઈ રહ્યા છે, સામે પક્ષે કોંગ્રેસમાં આવા કોઈ જાણીતા ચહેરાનો અભાવ સ્પષ્ટ રીતે વર્તાઈ રહ્યો છે. આમ આદમી પાર્ટી જે વર્ગને ટાર્ગેટ કરી રહી છે તે પરંપરાગત રીતે કોંગ્રેસનો મતદાર રહ્યો છે, પરંતુ હવે તે આપ તરફ સરકતો દેખાઈ રહ્યો છે. છેલ્લા ૧૦ દિવસના પ્રવાસમાં સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં ફરતા અનેક મુસ્લિમોને પણ મળવાનું થયું. તેઓ કોંગ્રેસની વફાદાર વોટબેંક પણ મનાય છે. સૌરાષ્ટ્રમાં એકદંરે એન્ટિ ઈંકમ્બન્સીની અસર દેખાઈ રહી છે, તેમાં કોઈ બેમત નથી. ઘણી જગ્યાએ પાણીના પ્રશ્નોનું મહદઅંશે નિરાકરણ પણ આવ્યું છે, લોકો ગેસ સિલિન્ડર તેમજ પેટ્રોલ-ડીઝલના ભાવ પણ નડી રહ્યા છે, પરંતુ આ બધાની અસર ભાજપની વોટબેંક પર થાય તેવી પણ ખાસ શક્યતા નથી દેખાઈ રહી. આ મુદ્દે પણ જે લોકો સરકાર સામે નારાજગી વ્યક્ત કરી રહ્યા છે તે કોંગ્રેસને નહીં, પરંતુ આમ આદમી પાર્ટીને વોટ આપવાનું કહી રહ્યા છે. આમ આદમી પાર્ટી પાસે અરવિંદ કેજરીવાલ જેવો ચહેરો છે. ગુજરાતમાં પાર્ટીએ ઈસુદાનને સીએમ કેન્ડિડેટ પણ જાહેર કરી દીધા છે. જોકે, કોંગ્રેસમાં હજુય શું ચાલી રહ્યું છે તે લોકોને ખબર નથી. ઘણા લોકોએ કોંગ્રેસને વોટ ના આપવા એવી પણ દલીલ કરી કે તેને વોટ આખરે કોનો ચહેરો જોઈને આપીએ? કોંગ્રેસ પાસે એવું છે શું? ખાસ કરીને સૌરાષ્ટ્રની વાત કરીએ તો, ઈસુદાન અહીં ઠીક-ઠીક જાણીતા છે. ભાજપ પાસે તો નરેન્દ્ર મોદીનો ચહેરો છે જ, લોકો 'આવશે તો મોદી જ..' એવી પણ વાતો કરી રહ્યા છે, પરંતુ આ બધા વચ્ચે કોંગ્રેસ ઠેરની ઠેર જ લાગી રહી છે.

ધનરાજ નથવાણી સર્વાનુમતે GCAના નવા પ્રમુખ નિમાયા

જીસીએમાંમાં નવા હોદેદારોની નિમણૂક : GCAના ખજાનચી તરીકે ભરત ઝવેરીની વરણી કરાઈ

અમદાવાદ, તા.૧૯

ટી-૨૦ વર્લ્ડકપમાં ભારતના સેમિફાઈનલમાં શરમજનક પરાજય બાદ હવે નેશનલ ટીમ સહિત મોટા ફેરફારો કરવામાં આવી રહ્યા છે.

તો બીજી તરફ ગુજરાત ક્રિકેટ એસોસિએશનમાં પણ નવા હોદેદારોની નિમણૂક કરવામાં આવી છે. ધનરાજ નથવાણીની ગુજરાત ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ પદે વરણી કરવામાં આવી છે. છેલ્લા ૪ વર્ષથી ગુજરાત ક્રિકેટ એસોસિએશન (GCA)ના પ્રેસિડેન્ટની જગ્યા ખાલી પડેલી હતી. માટે પ્રેસિડેન્ટ સહીતની જગ્યામાં નવી નિમણૂક કરવામાં આવી છે. તો સાથોસાથ હેમંત કોન્ટ્રાક્ટરની ગુજરાત ક્રિકેટ એસોસિએશનના ઉપપ્રમુખ તરીકે તો જોઈન્ટ સેક્રેટરી તરીકે મયુર પટેલને તેમજ અનિલ પટેલને સેક્રેટરી નીમવામાં આવ્યા છે.

ય્ઝછના ખજાનચી તરીકે ભરત ઝવેરીની વરણી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાત ક્રિકેટ એસોસિએશનના પ્રેસિડેન્ટ રહી ચૂક્યા છે. ત્યાર બાદ વર્તમાન કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ પણ આ પોઝિશન પર રહી ચૂક્યા છે.

રન-વે પર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ અકસ્માત પેરુના જોર્જ ચાવેઝ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર થયો હતો. લાટમ એરલાઈન્સની ફ્લાઈટ અહીંથી ટેકઓફ કરી રહી હતી. ત્યારબાદ રનવે પર સામેથી આવી રહેલી ટ્રક સાથે અથડાઈ હતી. ફ્લાઈટમાં ૧૦૨ મુસાફરો અને ૬ ક્રૂ મેમ્બર હતા. તેમાંથી કોઈને ઈજા થઈ નથી. જોકે ટ્રકમાં સવાર ૨ ફાયર ફાઈટરના મોત થયા હતા.

એરપોર્ટના એક અધિકારીએ જણાવ્યું - દુર્ઘટના બાદ એરપોર્ટની તમામ કામગીરી સ્થગિત કરી દેવામાં આવી છે. આ અકસ્માતમાં કોઈ મુસાફરને ઈજા થઈ નથી. તાત્કાલિક કાર્યવાહી કરીને અમે તમામ મુસાફરોને સલામત સ્થળે પહોંચાડ્યા છે.

નિધન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગોવિલે તેમના અંતિમ અવસાનની પૃષ્ટી કરી છે. ૧૦ દિવસ અગાઉ પણ પોતાના શો માટે શૂટિંગ કર્યું હતું. આ ઉપરાંત આગામી સપ્તાહે પણ શૂટ કરવાના હતા.

તેમને ગેસ્ટ્રોની સમસ્યા હતી. જેને લીધે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ ડિસ્ચાર્જ પણ થઈ ગયા હતા, પણ ગઈકાલે ફરી દાખલ કરવામાં આવ્યા. બે મિનિટમાં જ બે તેમને બે વખત કાર્ડિયક એરેસ્ટ આવ્યો હતો.

વર્ષ ૧૯૪૭માં આવેલી ફિલ્મ નરગિસથી તબસ્સુમે એક ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે પોતાની કરિયરની શરૂઆત કરી હતી. ત્યારબાદ તેમણે સુહાગ, મંઝધાર, બડી બહન, દીદારમાં પણ જોવા મળ્યા હતા. લગા મંગેશકરના ગીત 'બચપન કે દિન ભુલા ના દેના' બેબી તબસ્સુમ જોવા મળ્યા હતા. ફિલ્મ બૈજુ બાવરા માં પણ તેમણે મીના કુમારીના બાળપણની ભૂમિકા ભજવી હતી.

યુગ જતો રહ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ દરમિયાન કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે, અમારુ સપનું હતુ કે, અમારા રાજ્યની રાજધાનીમાં એરપોર્ટ બને. આજે પીએમ મોદીના પ્રયાસોથી તે સપનું સાકાર થયું છે. તેમણે આ એરપોર્ટના નિર્માણ માટે વિશેષ નિર્દેશો આપ્યા હતા. પીએમ મોદીએ કહ્યું કે, જ્યારે પણ હું અરુણાચલ આવું છું ત્યારે હું મારી સાથે એક નવો જોશ, ઉર્જા અને ઉત્સાહ લઈને આવું છું. અરુણાચલના લોકોના ચહેરા પર ક્યારેય ઉદાસીનતા અને નિરાશા નથી જોવા મળતી. પીએમ મોદીએ કહ્યું કે, તમે જાણો છો કે અમે વર્ક કલ્ચર લાવ્યા છીએ, જ્યાં અમે તે પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરીએ છીએ જેના માટે અમે શિલાન્યાસ કર્યો છે. અટકવાનો, લટકવાનો, ભટકવાનો યુગ હવે જતો રહ્યો છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, જ્યારે મેં ૨૦૧૯માં તેનો શિલાન્યાસ કર્યો ત્યારે ચૂંટણી થવાની હતી. રાજકીય વિવેચકોએ હોબાળો મચાવ્યો હતો કે, એરપોર્ટ બનવાનું નથી અને મોદી ચૂંટણીના કારણે આ બધુ બનાવી રહ્યાં છે. આજનું ઉદ્ઘાટન આવા લોકોના મોઢા પર એક થપ્પડ છે.

મેગવાળના સ્થાનિકો માટે બે મતદાન મથકો ઊભા કરાયા

અમદાવાદ, તા.૧૯

કેંદ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલીમાં આવેલું ૩૨૦૦ની વસ્તી ધરાવતું નાનકડું ગામ મેગવાળ આજે પણ ગુજરાતનો ભાગ છે. મેગવાળના રહીશો દાદરા અને નગર હવેલીમાંથી થઈને જ ગુજરાતમાં આવી શકે છે કારણકે આ ગામ કેંદ્રશાસિત પ્રદેશો દાદરા નગર હવેલી અને દીવ દમણથી ઘેરાયેલું છે. એટલે જ મેગવાળના સ્થાનિકોની મદદ કરવા માટે અહીં બે મતદાન મથકો બનાવવામાં આવ્યા છે.

વિરમગામ બેઠક પર ત્રણ હાર્દિક પટેલ વચ્ચે સીધો જંગ જામશે

અમદાવાદ, તા.૧૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જેમ-જેમ નજીક આવી રહી છે તેમ-તેમ રાજકીય ગરમાવો વધુ તેજ બની રહ્યો છે. તેમાંય આ વખતે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૩૯ વિરમગામ બેઠક વધુ ચર્ચામાં છે, ત્યારે આ બેઠક પર પાટીદારોનો પાવર જોવા મળ્યો છે. આ બેઠક પર ચૂંટણી લડવા માટે ૩૪ ઉમેદવારો ચૂંટણી જંગમાં મેદાને છે. જેમાં કુલ ૯ પાટીદાર ઉમેદવારો છે. ભાજપ દ્વારા હાર્દિક પટેલને ચૂંટણી મેદાને ઉતાર્યો છે ત્યારે આ બેઠક પર અન્ય બે હાર્દિક પટેલ નામના યુવાનોએ પણ અપક્ષ ચૂંટણી જંગમાં જંપલાવતા આ બેઠક પર કુલ ત્રણ હાર્દિક પટેલ વચ્ચે સીધો જંગ જામશે તે નક્કી છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં સૌથી વધુ ચર્ચા જે બેઠકની છે તે છે ૩૯ વિરમગામ બેઠકની. કારણ કે આ બેઠક પરથી પાટીદાર આંદોલનનો મુખ્ય ચહેરો એવા હાર્દિક પટેલને ભાજપે ઉમેદવારી માટે ટિકિટ આપી છે. જોકે, કોંગ્રેસમાંથી ઉમેદવાર તરીકે ધારાસભ્ય લાખા ભરવાડ મેદાને છે. પરંતુ આ બેઠક પર ચૂંટણી જંગ રસપ્રદ બન્યો છે કારણ કે કુલ ૩૯ જેટલા ફોર્મ વિરમગામ બેઠક પર ચૂંટણી લડવા માટે ભરાયા હતા. જેમાંથી ૩૪ ઉમેદવારોના ફોર્મ એક્સેપ્ટ થયા છે જ્યારે ૫ ઉમેદવારોના ફોર્મ રિજેક્ટ થયા છે. આ ૩૪ ઉમેદાવારોમાં કુલ ૯ ઉમેદવાર પાટીદાર છે. આ પાટીદાર ઉમેદવારોમાં પણ ત્રણ પાટીદાર ઉમેદવાર એવા છે જેમના નામ હાર્દિક પટેલ છે. એટલે કે ભાજપમાંથી ઉમેદવારી કરી રહેલા હાર્દિક પટેલ સામે અન્ય બે હાર્દિક પટેલ ઉમેદવારો અપક્ષ ઉમેદવારી કરી રહ્યાં છે. આ અગે